**વડોદરા ના મહે. ૭માં એડી. સીની.સીવીલ જજ તથા ચીફ જયુડી મેજી. સાહેબની કોર્ટમા મુ. વડોદરા**

**ફોજદારી કેસ. .નં. /**

ફરીયાદી :– શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી :–

**<u>ગુન્હો ઈ.પી.કો કલમઃ– વિગેરે મુજબ.</u>**

## આંક–૧લગત હુકમ

હાલની ફરીયાદ અન્વયે તપાસ કરનાર અમલદારે અત્રેની અદાલતમા ચાર્જશીટ મોકલી આપ્યા બાદ આરોપીને વારંવાર પ્રોસેસો ઈસ્યુ કરવા છતા આરોપીને તે પ્રોસેસો બજી શકેલ નથી, આરોપી નજીકના ભવિષ્યમા મળી આવે તેવા કોઈ સંજોગો જણાઈ આવતા નથી, જે કાંઈ પ્રોસેસો પરત આવેલ છે તે તમામ પ્રોસેસોનો રીપોર્ટ ધ્યાન પુર્વક વંચાણે લેતા પોલીસ માટે પણ આરોપીને અત્રેની અદાલતમા હાજર રખાવી શકે તેવા સંજોગો જણાતા નથી, આરોપી વિરુધ્ધ જે ગુનાની ચાર્જશીટ કરવામા આવેલુ છે તે ગુનાની ગંભીરતા જોતા તે સમન્સ ટ્રાયેબલ ગુનો છે તેની ખાતરી કરવામાં આવી છે. આમ જયારે આરોપીની સતત ગેરહાજરી જોતા તેમના વિરુધ્ધની ટ્રાયલ ચાલુ રાખવી ઉચિત જણાતી ન હોય ક્રિ. પ્રો.કોડની કલમ–૨૫૮ હેઠળ નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## હુકમ

૧. આરોપી વિરુધ્ધની ટ્રાયલ ક્રિ.પ્રો. કોડની કલમ–૨૫૮ હેઠળ સ્થગિત કરી આરોપીને બીન–તહોમત છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

૨. જો આરોપી મળી આવશે તો તપાસ કરનાર અમલદાર અથવા તેના સકસેસર નવેસરથી ચાર્જશીટ કરી શકશે.

હુકમ આજરોજ તા.૧૩ મી માહે જુલાઈ સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

સંજય બાબુલાલ શાહ
GJ00755
૭મા એડી. ચીફ જયુ.મેજીસ્ટ્રેટ,
વડોદરા